જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૨/૨૦૧૯ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** સમાચાર યાદી નં.૨૮૧/૧૯

**સાબરમતી પોલીસ સ્ટેશન :**

### ભાવનગર જીલ્લાના છેલ્લા ૧૭ વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી સાબરમતી પોલીસ

માનનીય પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે આપેલ સુચના આધારે સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર -1 સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-2 અમદાવાદ શહેરનાઓ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સપેક્ટર શ્રી સાબરમતી પોલીસ સ્ટેશનનાઓએ નાસતા ફરતા આરોપીઓ પકડવા માટે બનાવેલ ટીમના પો.સ.ઇશ્રી ડી. જી. બડવા તથા હે.કો દિનેશકુમાર મંગુભાઇ તથા પો.કો શીવાભાઇ મણાભાઇ તથા પો.કો કમલેશકુમાર સોમાભાઇ તથા પો.કો હિતેષકુમાર મોહનલાલ નાઓની ટીમને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે ભાવનગર નીલમબાગ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.ન.67/02 ઇપીકો કલમ 147,365 મુજ્બના ગુનાના કામે 17 વર્ષથી નાસતા ફરતા આરોપી સતિષકુમાર ઉર્ફે સતિયો સ/ઓ કાંતિલાલ મોતીલાલ રાવત ઉ.વ.49 નાઓને સાબરમતી પો.સ્ટેના ડી કેબીન વિસ્તારમાંથી ઝડપી પાડેલ છે અને તા.12/2/2019ના કલાક 13/00 વાગ્યે સી.આર.પી.સી કલમ 41(1)આઇ મુજબ અટક કરી આગળની કાર્યવાહી માટે ભાવનગર જીલ્લા પોલીસને જાણ કરેલ છે.

**દાણીલીમડા પોલીસ સ્ટેશન :**

## વિશ્વાસઘાત તથા છેતરપીંડી કરી તેમજ પત્રકારની ખોટી ઓળખ આપી બળજબરીથી કઢાવવાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરી જેલ હવાલે કરતી દાણીલીમડા પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અ.વાદ શહેર તથા અધિક પો. કમિશ્રી સેકટર-૨ સાહેબ તથા ના.પો.કમિશ્રી ઝોન-૬ સાહેબ તથા ઇ.મ.પો.કમિશ્રી. "કે" ડિવિજન સાહેબની સુચના અને માર્ગદર્શન હેઠળ સિનિયર પોલીસ ઇન્સ્પેકટર શ્રી. વી.આર.વસાવા સાહેબ દાણીલીમડા પોલીસ સ્ટેશન નાઓએ વિશ્વાસઘાત તથા છેતરપીંડી કરી તેમજ પત્રકારની ખોટી ઓળખ આપી બળજબરીથી કઢાવવાના ગુનાઓમાં પકડાયેલ રુફસ રવિકાંત ક્રિશ્વન ઉવ.૪૫ રહે- મનં-૨૦૪૯/૨/૧ પુંજાલાલ બ્લોક રાયખડ અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં (૧) વસ્ત્રાપુર પો.સ્ટે ફ.ગુરનં-૨૨૧/૧૮ ઇપીકો કલમ-૪૦૬,૪૨૦(૨) દાણીલીમડા પો.સ્ટે. ફસ્ટ ગુ,ર.નં. ૧૦/૧૯ ઇપીકો કલમ ૩૮૪,૨૯૪(ખ) મુજબ ગુનાઓમાં પકડાયેલ આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓના પાસા હુકમ નંબર પીસીબી/ડીટીએન/પાસા/૧૧૭/૧૯ તા.૦૫/૦૨/૧૯ થી પાસા અટકાયતમા લેવાનો હુકમ કરેલ જે પાસા અટકાયતી નામે રુફસ રવિકાંત ક્રિશ્વન નાને અત્રેના હે.કો કાનજીભાઇ અમીભાઇ તથા પો.કો રમેશભાઇ મગનભાઇ નાઓએ ખાનગી બાતમી હકીકત આધારે પકડી લાવી રજુ કરતા સદરી આરોપીને ઉપરોકત પાસા હુકમની તા.૧૨/૦૨/૧૯ ના કલાક ૧૫/30 વાગ્યે બજવણી કરી જરુરી જાપ્તાના માણસો સાથે રાજકોટ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

**અમરાઇવાડી પોલીસ સ્ટેશન :**

## શરીર સબંધી તેમજ મિલકત સબંધી ગુનામાં પાસા બજવણી કરવા બાબત

મે પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર ના પાસા હુકમ નં.PCB/DTN/PASA/૧03/૨૦૧૯ તા.0૧.0૨.૨૦૧૯ ના પાસા હુકમ આધારે આરોપી સાહીલ @ શુટર @ વિશાલ માઇકલભાઇ દિવેકર (પરમાર) ઉ.વ.૨૨ રહેવાસી મ.નં.ક્યુ/પ૬/૨૦૨ મહાલક્ષ્મીનગર જોગમાયાનગર સામે સ્વસ્તિક ચાર રસ્તા પાસે અમરાઇવાડી અમદાવાદ શહેર મુળ વતન ગામ મોટી વાવડી તા.રાણપુર જી.અમદાવાદ ગ્રામ્ય ના વિરૂધ્ધ માં (૧) અમરાઇવાડી પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૯૮/૧૬ તથા (૨) અમરાઇવાડી પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૨03/૧૮ મુજબના દાખલ થયેલ શરીર સબંધી તેમજ મિલકત સબંધી ગુનામાં આરોપી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય સદરી આરોપીને પાસા હુકમની બજવણી કરી આજરોજ ખાસ જેલ પાલારા-ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે

**<u>અમદાવાદ શહેરના વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તાજેતરમાં બનેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી આરોપીઓને ઘરફોડ ચોરીના મોબાઈલો સાથે પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ</u>**

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની જાળવણી તથા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તથા શોધી કાઢવા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ નાઓએ આપેલ સુચનાનુસાર મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી. ગોહિલ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડ-૧ ના પોલીસ ઈન્સપેક્ટર શ્રી એન.આર. બ્રહ્મભટ્ટનાઓના સ્કોડના પો.સ.ઈ.શ્રી કે.જી.ચૌધરી તથા સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન નાઓને મળેલ બાતમી હકીકત આધારે તા.૧૨/૦૨/૨૦૧૯ ના કલાક ૧૬/૩૦ વાગ્યે કઠવાડા રોડ ઉપર નિલકંઠ એપાર્ટમેન્ટ પાસેથી (૧) અજીત ઉર્ફે અર્જુન સ/ઓ રાજેન્દ્રસિંહ કુશવાહ તથા નં. (૨) હિતેષ સ/ઓ યશવંત પટેલ તથા નં. (૩) નીતન સ/ઓ શંકર મોરે પાસેથી જુદી જુદી કંપનીના મોબાઈલ ફોન નંગ-૯ જેની કુલ કિ.રૂ. ૧,૦૭,૦૦૦/- મુદ્દામાલ સાથે અટક કરી કાયદેસર કાર્યવાહી કરી વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૧૭/૨૦૧૯ ધી ઈ.પી.કો. કલમ ૪૫૭,૩૮૦ મુજબનો ઘરફોડ અંગેનો ગુન્હો ડીટેકટ કરેલ છે.

આરોપીનો ગુન્હાહિત ઈતિહાસ જોતા આરોપી અજીત ઉર્ફે અર્જુન સ/ઓ રાજેન્દ્રસિંહ કુશવાહનાનો આજથી આશરે ત્રણેક વર્ષ પહેલા નિકોલ તથા રામોલ તથા નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોબાઇલ ફોન જુટવી લેવાના ગુન્હામાં પકડાયેલ છે તે સિવાય એક વર્ષ પહેલા નરોડા પોલીસ સ્ટેશનમાં લુટ કરવાની કોષીશના ગુન્હામાં પકડાયેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.